" સમાચાર નહીં, સાહસની વાર્તા "

# ટ્રેન્ડ ગુજરાત

Daily Trend Gujarat

તંત્રી-માલિક-પ્રકાશક: **રીઝવાન મનસુરી** • PRGI Registration Number : GJGUJ/25/A3847 • E-mail : trendgujarat024@gmail.com • Web www.trendgujarat.tmlive.in

• Year : 01 • Edition : 21 • Date 31-12-2025, Tuesday • Page : 4 • Price : Rs.1 • Annual : Rs. 360 • Editor : RIJVAN MANSURI Mo: 9913720273

# બંગાળમાં ચૂંટણી પહેલા કોંગ્રેસના દિગ્ગજ નેતાની PM મોદી સાથે મુલાકાત



પશ્ચિમ બંગાળથી આવનારા કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરીએ મંગળવારે (૩૦ ડિસેમ્બર) વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત લીધી હતી. બંગાળમાં આવતા વર્ષે વિધાનસભા ચૂંટણીને લઈને આ મુલાકાત ખૂબ મહત્ત્વની માનવામાં આવી રહી છે. વડાપ્રધાન મોદીની મુલાકાત દરમિયાન અધીર રંજન ચૌધરીએ ખાસ કરીને ભાજપ શાસિત રાજ્યોમાં બાંગ્લા ભાષી લોકો પર હુમલાનો મુદ્દો ઉઠાવ્યો હતો.

રાજ્યમાં સાંપ્રદાયિક તણાવ અને હિંસાની આશંકા

પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ ચૌધરીએ આવા હુમલાઓને રોકવામાં મદદ માટે વડાપ્રધાન મોદીને હસ્તક્ષેપ કરવાનો આગ્રહ કર્યો છે. તેમણે કહ્યું કે, આનાથી રાજ્યમાં સાંપ્રદાયિક તણાવ અને હિંસાની આશંકા છે.

બાંગ્લા બોલવાના કારણે ઘુસણખોર માનવામાં આવે છે

અધીર રંજન ચૌધરીએ વડાપ્રધાન મોદીને લખેલા પત્રમાં કહ્યું કે, 'તેમનો એકમાત્ર ગુનો એ છે કે, તેઓ બાંગ્લા ભાષામાં વાત કરે છે, જેના કારણે સંબંધિત તંત્ર અવારનવાર તેમને પાડોશી બાંગ્લાદેશના લોકો સમજે છે અને ઘુસણખોર સમજી તેમના સાથે દુર્વ્યવહાર કરવામાં આવે છે. પશ્ચિમ બંગાળના અનેક ભાગમાં મુસ્લિમ વસ્તી બહુસંખ્યક છે. આ રાજ્યની સરહદ બાંગ્લાદેશ સાથે જોડાયેલી છે તેમજ દેશના અન્ય ભાગમાં આવા હુમલાઓના કારણે આ વિસ્તારમાં સમુદાયો વચ્ચે સાંપ્રદાયિક તણાવ વધી રહ્યો છે. તેથી મારો આગ્રહ છે કે, તમે ભેદભાવ, હિંસા અને દેળના અન્ય ભાગમાંથી આવેલા પ્રવાસી મજૂરોના ઉત્પીડન સામે તમામ રાજ્ય સરકારોને સંવેદનશીલ બનાવો.'

બંગાળમાં હિંસાત્મક ઘટના

નોંધનીય છે કે, પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લાના ૩૦ વર્ષીય પ્રવાસી મજૂર જવેલ રાણાની ઓડિશાના સંબલપુરમાં બીડીને લઈને થયેલા વિવાદ બાદ બુધવારે હત્યા કરી દેવાઈ. મુંબઈમાં પણ બે પ્રવાસી મજૂરોની બાંગ્લાદેશથી આવેલા ગેરકાયદે પ્રવાસી હોવાની શંકામાં ધરપકડ કરવામાં આવી. પશ્ચિમ બંગાળ પ્રવાસી કલ્યાણ બોર્ડે કહ્યું કે, તેમને ૧૦ મહિનામાં ખાસ કરીને ભાજપ શાસિત રાજ્યોમાં ઉત્પીડન સંબંધિત ૧૧૪૩ ફરિયાદ મળી છે.

# વ્યારાની સ્કૂલમાં ૧૬ વર્ષિય વિદ્યાર્થિનીનું રહસ્યમય મોત!

તાપી,

વ્યારાની ખાનગી સ્કૂલમાં ધોરણ ૧૧માં અભ્યાસ કરતી ૧૬ વર્ષીય વિદ્યાર્થિનીના મોતની ચોંકાવનારી ઘટના સામે આવી છે. માહિતી મુજબ વ્યારામાં ઈન્દુ ખાતે આવેલી એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલમાં આજે વહેલી સવારે આ કરુણ દુર્ઘટના બની હતી. જ્યાં હોસ્ટેલમાં રહેતી અને ધોરણ ૧૧માં અભ્યાસ કરતી આ વિદ્યાર્થિનીનું અચાનક ઢળી પડ્યા બાદ મોત નીપજ્યું છે. ક્રિસમસની રજાઓ પૂરી કરીને ગઈકાલે જ સ્કૂલે આવેલી દીકરીના મોતના સમાચારથી તેના પરિવાર પર આભ તૂટી પડ્યું છે. વિગતવાર વાત કરીએ તો, વ્યારાના જેતવાડી ગામની વતની સેજલકુમારી રાકેશભાઈ ગામીત (ઉં.વ. ૧૬) આ એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલમાં ધોરણ ૧૧માં અભ્યાસ કરતી હતી. આજે વહેલી સવારે ૮:૦૦ વાગ્યાના અરસામાં સેજલ હોસ્ટેલથી નાસ્તો કરવા માટે જઈ રહી હતી. ત્યારે તે અચાનક જ જમીન પર ઢળી પડી હતી, બાદમાં વિદ્યાર્થિની બેભાન થતા જ સ્કૂલના સ્ટાફે દોડી આવીને પ્રિન્સિપાલના ખાનગી વાહનમાં તેને તાત્કાલિક વ્યારા રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

જોકે કમનસીબે, સેજલને હોસ્પિટલ પહોંચાડવામાં આવે તે પહેલાં જ રસ્તામાં તેનું મોત નીપજ્યું હતું. ઢળી પડ્યા બાદ માત્ર ૧૫થી ૨૦ મિનિટના ટૂંકા ગાળામાં જ તેણે દમ તોડી દીધો હતો. ત્યારે હોસ્પિટલના તબીબોએ તેને મૃત જાહેર કરી હતી, જે સમાચાર સામે આવતા જ સ્કૂલના સ્ટાફ અને વિદ્યાર્થીઓમાં ભારે ગમગીન વાતાવરણ છવાયું છે.

નોંધનીય છે કે, સેજલ નાતાલ (ક્રિસમસ)ની રજાઓ ગાળવા માટે પોતાના ઘરે ગઈ હતી અને રજાઓ પૂર્ણ થતા તે ગઈકાલે રવિવારે સાંજે જ હોસ્ટેલમાં પરત ફરી હતી. ત્યારે આજે સોમવારના સમયે હજુ તો અભ્યાસ શરૂ થાય તે પહેલા જ કુદરતે તેની જિંદગી



છીનવી લીધી હતી. જે ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસનો કાફલો વ્યારા રેફરલ હોસ્પિટલ ખાતે પહોંચી ગયો હતો. હાલ આ વિદ્યાર્થિનીનું ક્યા કારણસર મોત થયું તે અંગેનું સ્પષ્ટ કારણ હજુ સુધી જાણી શકાયું નથી, ત્યારે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વિદ્યાર્થિનીના મૃતદેહને પોસ્ટમોર્ટમ (PM) માટે મોકલી આપ્યો છે. પીએમ રિપોર્ટ આવ્યા બાદ જ સત્તાવાર રીતે મોતના કારણનો ખુલાસો થશે. ત્યારે યુવા વયે વિદ્યાર્થિનીઓના આ પ્રકારે થતા આકસ્મિક મોતે શિક્ષણ જગત અને વાલીઓમાં ચિંતા જન્માવી છે.

# ન્યુ યરની ઉજવણી માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી બન્યું પ્રવાસીઓનું હોટ ફેવરીટ

નર્મદા,

નર્મદા જિલ્લાની ગુલાબી ઠંડી વચ્ચે સ્ટેચ્યુ ઓફ યુનિટી (SoU) નવા વર્ષની ઉજવણી માટે પ્રવાસીઓનું સૌથી પસંદગીનું સ્થળ બની ગયું છે.

ડિસેમ્બર માસની શરૂઆતથી જ અહીં પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. ગુજરાત સહિત સમગ્ર ભારત અને વિદેશમાંથી મોટી સંખ્યામાં લોકો સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત માટે આવી રહ્યા છે.



પ્રાપ્ત માહિતી અનુસાર, ગત શનિવારે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે અંદાજે ૫૦ હજારથી વધુ પ્રવાસીઓ નોંધાયા હતા, જ્યારે રવિવારે આ આંકડો ૭૦ હજારને પાર ગયો હતો. માત્ર બે દિવસમાં જ એક લાખથી વધુ પ્રવાસીઓએ SoUની મુલાકાત લીધી છે. ૩૧ ડિસેમ્બર સુધી કુલ ૮ લાખથી વધુ પ્રવાસીઓ આવવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

પ્રવાસીઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા વ્યવસ્થાઓ મજબૂત કરવામાં આવી રહી છે. સુરક્ષા, ટ્રાફિક વ્યવસ્થા, પાર્કિંગ, પીવાનું પાણી, સફાઈ અને માર્ગદર્શન માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ન્યુ યરની ઉજવણીને ધ્યાનમાં રાખીને સત્તામંડળ ઉપરાંત આસપાસની હોટેલ, રિસોર્ટ અને ટેન્ટ સીટીના સંચાલકો દ્વારા પણ તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી સાથે જોડાયેલા વિવિધ આકર્ષણો જેમ કે વેલી ઓફ ફલાવર્સ, સરદાર સરોવર ડેમ, જંગલ સફારી, લેઝર શો અને એકતા મોલ પ્રવાસીઓમાં ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. શિયાળાની મોહક હવામાન અને ભવ્ય વ્યવસ્થાઓના કારણે સ્ટેચ્યુ ઓફ યુનિટી આ વર્ષે પણ ન્યુ યર સેલિબ્રેશન માટે ટોપ ટૂરિસ્ટ ડેસ્ટિનેશન સાબિત થઈ રહ્યું છે.

# ચાઈનીઝ, મોમોઝ નામે પજવણી કરી સેના જવાનના પુત્રની હત્યા

દેહરાદૂન,

ઉત્તરાખંડની રાજધાની દેહરાદૂનમાં ત્રિપુરાના ૨૪ વર્ષીય વિદ્યાર્થી એન્જલ ચકમાની નિર્મમ હત્યાના મામલે દેશભરમાં રોષ જોવા મળી રહ્યો છે. આ ઘટનાને લઈને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને રાજ્યસભા સાંસદ કપિલ સિબ્બલે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે.


દેહરાદૂનમાં ત્રિપુરાના વિદ્યાર્થી એન્જલ ચકમાની નિર્મમ હત્યાના મામલે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોતાની પ્રતિક્રિયા આપતા રાહુલ ગાંધીએ આ ઘટનાને હેટ ક્રાઈમ (નફરત પ્રેરિત ગુનો) ગણાવી ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે આવી નફરત રાતોરાત પેદા નથી થતી, પરંતુ સત્તાધારી પક્ષના નેતાઓ દ્વારા વર્ષોથી પીરસવામાં આવતા ઝેરી કન્ટેન્ટ અને પૂર્વગ્રહયુક્ત વાતોને કારણે સમાજમાં નફરત હવે નોર્મલ બની ગઈ છે. રાહુલ ગાંધીએ ભારપૂર્વક જણાવ્યું કે ભારત વિવિધતા, સન્માન અને એકતા પર ટકેલો દેશ છે, જ્યાં ડર અને અપશબ્દોને કોઈ સ્થાન નથી. તેમણે ત્રિપુરા અને પૂર્વોત્તર રાજ્યોના લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા ઉમેર્યું કે દેશને તેમના પર ગર્વ છે અને ભારતીયોએ આવા હુમલાઓ સામે ચૂપ ન રહીને દેશના ભવિષ્ય વિશે વિચારવાની જરૂર છે.

રાજ્યસભા સાંસદ કપિલ સિબ્બલે પણ આ મુદ્દે મૌન તોડ્યું છે. તેમણે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને સંબોધતા કહ્યું કે, આ હત્યા કટ્ટરતા અને સરકારના નેતાઓની ચુપકીદીનું ચોંકાવનારું ઉદાહરણ છે. અમિત શાહજી, તમારે નફરતભર્યા ગુનાઓ સામે અવાજ ઉઠાવવો જોઈએ.

ગત ૯ ડિસેમ્બરના રોજ દેહરાદૂનના સેલાકુઈ બજારમાં ત્રિપુરાના ઉનાકોટી જિલ્લાના વતની એન્જલ ચકમા અને તેના ભાઈ માઈકલનો કેટલાક લોકો સાથે ઝઘડો થયો હતો. આ દરમિયાન આરોપીઓએ ચપ્પુ અને પીતળના નકલથી જીવલેણ હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા એન્જલનું ૨૬ ડિસેમ્બરના રોજ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

એન્જલના પિતા તરુણ ચકમા, જેઓ BSFમાં ફરજ બજાવે છે, તેમણે ગંભીર આક્ષેપ કર્યો છે કે હુમલાખોરોએ તેમના પુત્રને ચીની મોમો કહીને નસ્લીય ગાળો આપી હતી. જ્યારે એન્જલે પોતે ભારતીય હોવાનું કહી વિરોધ કર્યો, ત્યારે તેના પર હુમલો કરવામાં આવ્યો. જોકે, સ્થાનિક પોલીસે નસ્લીય હુમલાની વાત નકારતા જણાવ્યું છે કે એક આરોપી પોતે મણિપુરનો છે.

# 'કમળ' ને બીજા ૫ વર્ષ માટે આશીર્વાદ આપો અને અમે આસામમાંથી દરેક ઘુસણખોરને બહાર કાઢીશું: અમિત શાહ



નાગાંવ,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોમવારે કોંગ્રેસ પાર્ટી પર આકરા પ્રહારો કર્યા, જેમાં તેમણે આરોપ લગાવ્યો કે તેઓ બાંગ્લાદેશી ઘૂસણખોરોને ×વોટ બેંક× માને છે, ભલે તેઓ આસામના લોકો, જમીન અને સાંસ્કૃતિક ઓળખ માટે ખતરો હોય. નાગાંવ જિલ્લાના બટાદ્રાવા થાણ ખાતે પુનઃવિકસિત મહાપુરુષ શ્રીમંત શંકરદેવ અભિર્ભવ ક્ષેત્રનું ઉદ્ઘાટન કર્યા પછી એક વિશાળ જાહેર સભાને સંબોધતા શાહે કહ્યું કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) આસામ અને સમગ્ર ભારતમાં તમામ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને ઓળખવા અને દૂર કરવા માટે પ્રતિબદ્ધ છે.

'કોંગ્રેસ ઘૂસણખોરોને વોટ બેંક તરીકે માને છે'

શાહે સ્પષ્ટ કર્યું કે જ્યારે કોંગ્રેસ ગેરકાયદેસર ઘૂસણખોરો દ્વારા ઉભા થતા જોખમો પ્રત્યે આંખ આડા કાન કરે છે, ત્યારે ભાજપ આસામી લોકોના હિતોનું રક્ષણ કરવા માટે કટિબદ્ધ છે. તેમણે આ ઘૂસણખોરો દ્વારા માત્ર પ્રદેશના અર્થતંત્ર અને સંસાધનો માટે જ નહીં, પરંતુ તેની વિશિષ્ટ સાંસ્કૃતિક ઓળખ માટે પણ ખતરો ઉભો થયો છે તે વિશે વાત કરી. શાહે કહ્યું, ×કોંગ્રેસ સતત એવા ઘૂસણખોરોને વોટ બેંક તરીકે ગણે છે જેમણે આસામના લોકો, સંસ્કૃતિ અને ઓળખ માટે ખતરો ઉભો કર્યો છે.×

×મોદી સરકારે ફક્ત આસામી લોકોની સાંસ્કૃતિક ઓળખનું રક્ષણ જ નહીં, પણ રાજ્યના સર્વાંગી વિકાસ પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું છે,× શાહે કહ્યું.

આસામ ૨૦૨૬ ની વિધાનસભા ચૂંટણી માટે તૈયાર થઈ રહ્યું છે, ત્યારે ગૃહમંત્રીએ તેમને ભાજપને ટેકો આપવાનું ચાલુ રાખવા માટે સીધી અપીલ કરી. ×અમને બીજા પાંચ વર્ષ આપો, અને અમે આસામને ઘુસણખોરોથી મુક્ત બનાવીશું, જેનાથી તેના લોકોની સુરક્ષા, સમૃદ્ધિ અને સાંસ્કૃતિક ગૌરવ સુનિશ્ચિત થશે,× તેમણે કહ્યું.

# ખ્રિસ્તી ધર્મ અપનાવનાર ૧૫૦થી વધુ આદિવાસી લોકોની સ્વધર્મમાં ઘર વાપસી

નર્મદા,

નર્મદા જિલ્લામાં ખાસ કરીને ડેડિયાપાડા, સાગબારા અને તિલકવાડા (ચિકદા) તાલુકાઓમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા ધર્માંતરણના વિવાદ વચ્ચે રાષ્ટ્રીય આદિવાસી જાગરણ મંચ દ્વારા એક મહત્વપૂર્ણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અંદાજે ૧૫૦થી વધુ આદિવાસી ભાઈ-બહેનોએ ખ્રિસ્તી ધર્મ છોડીને ફરી સનાતન હિન્દુ ધર્મમાં ઘર વાપસી કરી છે.

આ મામલે જે લોકો ખ્રિસ્તી બન્યા હતા, તેમને જ્યારે અનુભવ થયો કે તેઓ છેતરાઈ રહ્યા છે, ત્યારે તેમણે મૂળ ધર્મમાં પાછા ફરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જે બાદ રાષ્ટ્રીય આદિવાસી જાગરણ મંચ, ધર્મ જાગરણ સંસ્થા, ધર્મ પ્રસાર વિભાગ અને સ્થાનિક સાધુ-સંતોના સંયુક્ત પ્રયાસોથી આ ઘર વાપસી કરવામાં આવી છે. હિન્દુ શાસ્ત્રોક્ત વિધિ અને મંત્રોચ્ચાર સાથે તમામ લોકોનું શુદ્ધિકરણ કરી તેમને ફરી હિન્દુ ધર્મમાં આવકારવામાં આવ્યા છે. નોંધનીય છે કે, આ આદિવાસી વિસ્તારોમાં ધર્મ પરિવર્તન રોકવા માટે હવે સ્થાનિક સાધુ-સંતો પણ મેદાને આવ્યા છે. રાષ્ટ્રીય આદિવાસી મંચનું કહેવું છે કે આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાઓને બચાવવા માટે આવા ઘર વાપસીના પ્રયાસો સતત ચાલુ રહેશે. ષડયંત્ર હેઠળ આદિવાસીઓને ભ્રમિત કરવામાં આવી રહ્યા છે તેવો દાવો સંગઠન દ્વારા કરવામાં આવ્યો છે. આ અંગે રાષ્ટ્રીય આદિવાસી જાગરણ મંચના અગ્રણી સોનજી વસાવાએ ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે, ×આ વિસ્તારના ભોળા આદિવાસીઓને ખ્રિસ્તી પાદરીઓ અને પાસ્ટરો દ્વારા વિવિધ પ્રલોભનો આપી, પટાવી-ફોસલાવીને ધર્મ પરિવર્તન કરાવવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે. ઘણા લોકો અજાણતા આ ચુંગલમાં ફસાઈ ગયા હતા, પરંતુ હવે તેમને પોતાની ભૂલ સમજાઈ છે.×સોનજી વસાવાએ જણાવ્યું અનુસાર, નર્મદા જિલ્લામાં ડેડિયાપાડા, સાગબારા અને તિલકવાડા (ચિકદા) જેવા વિસ્તારોમાં આ ઘટનાઓ સામે આવી રહી છે. આ વિસ્તારોમાં વસતા ખાસ કરીને આદિવાસી લોકોને આ ખ્રિસ્તી પાદરીઓ ટાર્ગેટ કરે છે અને બાદમાં તેમને ફોસલાવીને ખ્રિસ્તી ધર્મમાં ધર્માંતરણ કરાવે છે. જેથી ખાસ આ વિસ્તારોમાં પાદરીઓની ધર્માંતરણનું જોર વધ્યું છે. ત્યારે હાલ આ ૧૫૦ જેટલા લોકોની સામૂહિક ઘર વાપસીને પગલે ધર્માંતરણના મુદ્દે ફરી એકવાર રાજકીય અને સામાજિક ચર્ચાઓ તેજ બની છે.

## તંત્રી સ્થાનેથી..

# દેશના ઘરોમાં આશરે ૩૪૬૦૦ ટન જેટલું સોનું જમા પડયું હોવાનો અંદાજ

મુંબઈ : વૈશ્વિક સ્તરે સોનાના ભાવ જે ગયા સપ્તાહમાં પ્રતિ ઔંસ ૪૫૦૦ ડોલરને પાર કરી ગયા હતા તેને ધ્યાનમાં રાખતા ભારતના પરિવારો પાસે પડેલા સોનાનું એકંદર મૂલ્ય પાંચ ટ્રિલિયન ડોલરથી પણ વધુ થવા જાય છે, જે દેશના એકંદર ગ્રોસ ડોમેસ્ટિક્ પ્રોડકટ (જીડીપી) કરતા પણ વધુ હોવાનું કહી શકાય એમ છે.મોર્ગન સ્ટેન્લીના વર્તમાન વર્ષના ઓકટોબરના એક રિપોર્ટ પ્રમાણે ભારતના પરિવારો પાસે અંદાજે ૩૪૬૦૦ ટન જેટલુ સોનુ પડયું છે. ગયા સપ્તાહમાં સોનાનો વૈશ્વિક ભાવ એક તબક્કે પ્રતિ ઔંસ ૪૫૫૦ ડોલરને પાર કરી ગયો હતો. આ વૈશ્વિક ભાવ પ્રમાણે ભારતીય પરિવારો પાસેના સોનાનું એકંદર મૂલ્ય પાંચ ટ્રિલિયન ડોલરને પાર થઈ ગયું હતું એમ એક વિશ્લેષકે દાવો કર્યો હતો. ઈન્ટરનેશનલ મોનિટરી ફન્ડ (આઈએમએફ)ના તાજેતરના અંદાજ પ્રમાણે ભારતનું જીડીપી હાલમાં ૪.૧૦ ટ્રિલિયન ડોલર જેટલું છે. ભારત વિશ્વનું ત્રીજુ મોટુ અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે છતાં ભારતના લોકોનું સોના માટેના આકર્ષણમાં ઘટાડો થતો નથી અને તેમના દ્વારા સોનાની સતત ખરીદી જળવાઈ રહે છે. ભારતના પરિવારો સોનાને લાંબા ગાળાની બચત તરીકે જુએ છે. દેશના પરિવારો જ નહીં પરંતુ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા પણ પોતાના રિઝર્વમાં સોનાનું હોલ્ડિંગ વધારી રહી છે. ૨૦૨૪થી અત્યારસુધીમાં રિઝર્વ બેન્કે અંદાજે ૭૫ ટન સોનુ ખરીદ કર્યું છે અને તેની પાસે હાલમાં ૮૮૦ ટન જેટલુ સોનું પડયું છે. ભારતમાં સરકારે સોનાની આયાત ઘટાડવા સોનાના વિકલ્પ તરીકે ગોલ્ડ ઈટીએફસ, સોવેરિન ગોલ્ડ બોન્ડ તથા ડિજિટલ ગોલ્ડ જેવા ઈન્વેસ્ટમેન્ટ સાધનો રજૂ કર્યા છે તેમ છતાં હાજર સોના માટેના આકર્ષણમાં ઘટાડો થયો નથી અને રજૂ કરાયેલા રોકાણ સાધનોને મર્યાદિત સફળતા મળી હોવાનું વિશ્લેષકે વધુમાં જણાવ્યું હતું. રાજકીય ભૌગોલિક અનિશ્ચિતતા વચ્ચે વૈશ્વિક કેન્દ્રિય બેન્કો દ્વારા સોનાની સતત ખરીદીને પરિણામે ૨૦૨૫માં સોનાના ભાવમાં ૮૦ ટકા જેટલો ઉછાળો જોવા મળ્યો છે.

### સુપ્રીમ કોર્ટે ઉન્નાવ દુષ્કર્મ કેસના આરોપી કુલદીપ સિંહ સેંગરના જામીન પર રોક લગાવી દીધી

# ’ફાંસી ન મળે ત્યાં સુધી આરામ નહીં કરું’: ઉન્નાવ દુષ્કર્મ પીડિતાએ સેંગરની આજીવન કેદની સજા પર સુપ્રીમ કોર્ટના સ્ટે બાદ

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે સોમવારે દિલ્હી હાઈકોર્ટના ઉન્નાવ દુષ્કર્મ કેસમાં ભાજપના ભૂતપૂર્વ ધારાસભ્ય કુલદીપ સિંહ સેંગરની આજીવન કેદની સજા રદ કરવાના અને તેમને જામીન આપવાના આદેશ પર સ્ટે આપ્યો હતો.

...અજીબ તથ્યોને ધ્યાનમાં રાખીને જ્યાં દોષિતને અલગ ગુના માટે દોષિત ઠેરવવામાં આવે છે, અમે ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫ ના દિલ્હી હાઈકોર્ટના આદેશના અમલ પર સ્ટે મૂકીએ છીએ. આમ, પ્રતિવાદી (સેંગર) ને ઉપરોક્ત આદેશ અનુસાર મુક્ત કરવામાં આવશે નહીં,'' ઝત્તૈં સૂર્યકાંતે જણાવ્યું હતું.

સુપ્રીમ કોર્ટે સીબીઆઈની આજીવન કેદની સજા રદ કરવાના આદેશને પડકારતી અરજી પર હાંકી કાઢવામાં આવેલા ભાજપ નેતાને નોટિસ પણ જારી કરી હતી.

૨૩ ડિસેમ્બરના રોજ, દિલ્હી હાઈકોર્ટે સેંગરની અપીલ પેન્ડિંગ હતી ત્યારે તેની જેલની સજાને સ્થગિત કરી દીધી હતી, અને કહ્યું હતું કે તે પહેલાથી જ સાત વર્ષ અને પાંચ મહિના જેલમાં વિતાવી ચૂક્યો છે, અને તેને શરતી જામીન આપ્યા હતા.

ઉચ્ચ અદાલતે ચુકાદો આપ્યો હતો કે સેંગરને પોક્સો એક્ટની કલમ ૫(સી) અથવા આઈપીસીની કલમ ૩૭૬(૨)(બી) હેઠળ જાહેર સેવક તરીકે ગણી શકાય નહીં. આના કારણે સીબીઆઈ સુપ્રીમ કોર્ટમાં ગઈ હતી.

હાઈકોર્ટના આદેશથી મોટા પાયે વિરોધ પ્રદર્શન થયા હતા, જેમાં પીડિતા પણ ન્યાયની માંગણીમાં જોડાઈ હતી.

સેંગરને ડિસેમ્બર ૨૦૧૯માં ઉન્નાવ દુષ્કર્મ કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો અને તેને ૨૫ લાખ રૂપિયાના દંડ સાથે આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી.

દિલ્હી હાઈકોર્ટના આદેશ પર ઉન્નાવ પીડિતા

રવિવારે અગાઉ, પીડિતાએ કહ્યું હતું કે તેણી માને છે કે તેણીને સુપ્રીમ કોર્ટ તરફથી ન્યાય મળશે.

રાષ્ટ્રીય રાજધાનીમાં ઓલ ઈન્ડિયા પ્રોગ્રેસિવ વુમન એસોસિએશન (છૈંઉછ) દ્વારા આયોજિત વિરોધ પ્રદર્શનમાં બોલતી વખતે, ઉન્નાવ બળાત્કાર પીડિતાએ આરોપ લગાવ્યો કે સેંગરે ઝમ્ૈં તપાસ અધિકારી અને દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ સહિત અધિકારીઓને લાંચ આપી હતી.



વિરોધ પ્રદર્શન દરમિયાન, પ્રદર્શનકારીઓએ દોષિત પ્રત્યે બતાવવામાં આવેલી અયોગ્ય ઉદારતા સામે સૂત્રોચ્ચાર કર્યા, અને કહ્યું કે અત્યાર સુધી લેવામાં આવેલા પગલાં લોકોની અપેક્ષાઓ પર ખરા ઉતર્યા નથી.

પીડિતાની માતાએ અગાઉ કહ્યું હતું કે તેમને સુપ્રીમ કોર્ટમાં વિશ્વાસ છે અને આશા છે કે કેસમાં ન્યાય મળશે.

# ભારતીય વાયુસેનાના S-400 ની પહેલી તસવીર જાહેર, ભારતની વાયુ સંરક્ષણ પ્રણાલીમાં નવા યુગની શરૂઆત

નવી દિલ્હી,

ભારતીય વાયુસેના (IAF) તેની લડાઇ ક્ષમતાઓને મજબૂત બનાવવાનું ચાલુ રાખે છે, જેમાં S-400 વાયુ સંરક્ષણ પ્રણાલી આ પ્રયાસમાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ બની રહી છે. IAF ની S-400 સિસ્ટમની પહેલી છબી હવે બહાર પાડવામાં આવી છે, જે ભારતની વાયુ સંરક્ષણ તૈયારીઓમાં મોટો વધારો દર્શાવે છે. આ અદ્યતન સિસ્ટમ દેશની તેના હવાઈ ક્ષેત્રને સુરક્ષિત રાખવાની ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરશે તેવી અપેક્ષા છે અને તેને ભારતના હવાઈ સંરક્ષણ સ્થાપત્યમાં એક નવા યુગની શરૂઆત તરીકે જોવામાં આવી રહી છે.

S-400 વાયુ સંરક્ષણ પ્રણાલીને ‘સુદર્શન‘ નામ આપવામાં આવ્યું છે. આ અદ્યતન સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઇલ સિસ્ટમના સમાવેશથી IAF ના હવાઈ સંરક્ષણ કામગીરીમાં એક નવો પરિવર્તન આવ્યો છે, જે આધુનિક હવાઈ જોખમો સામે તેના હવાઈ ક્ષેત્રને સુરક્ષિત રાખવાની દેશની ક્ષમતાને નોંધપાત્ર રીતે મજબૂત બનાવે છે. S-400 સુદર્શન લાંબા અંતર પર ફાઈટર જેટ, માનવરહિત હવાઈ વાહનો , ક્રુઝ મિસાઈલો અને બેલિસ્ટિક મિસાઈલ જોખમો સહિત વિશાળ શ્રેણીના હવાઈ જોખમોને શોધવા, ટ્રેક કરવા અને તટસ્થ કરવા માટે રચાયેલ છે. તેની બહુ-સ્તરીય જોડાણ ક્ષમતા અને ઉચ્ચ-ચોકસાઇ લક્ષ્યીકરણ સાથે, આ સિસ્ટમને વિશ્વના સૌથી શક્તિશાળી હવાઈ સંરક્ષણ પ્લેટફોર્મમાંનું એક માનવામાં આવે છે.

ઓપરેશન સિંદૂર દરમિયાન આ સિસ્ટમની કાર્યકારી અસરકારકતા દર્શાવવામાં આવી હતી, જ્યાં તેણે સફળતાપૂર્વક દુશ્મનના લક્ષ્યોને ત્રાટક્યા હતા. આ ક્રિયાઓએ S-400 સિસ્ટમની મજબૂતાઈ અને ભારતીય વાયુસેનાની કાર્યકારી તૈયારી બંનેને માન્ય કર્યા, વાસ્તવિક લડાઇ પરિસ્થિતિઓમાં તેની ક્ષમતા સાબિત કરી.

S-400 સુદર્શનના સમાવેશ સાથે, ભારતીય વાયુસેનાએ તેની પ્રતિરોધક સ્થિતિ, પ્રતિભાવ સમય અને હવાઈ ક્ષેત્રના પ્રભુત્વમાં નોંધપાત્ર વધારો કર્યો છે, જે ભારતના એકંદર સંકલિત હવાઈ સંરક્ષણ સ્થાપત્ય અને રાષ્ટ્રીય સુરક્ષા માળખાને મજબૂત બનાવે છે.

# ઉત્તર કોરિયાના કિમ જોંગ ઉન ક્રુઝ મિસાઈલ પ્રક્ષેપણનું નિરીક્ષણ કર્યું



સીઓલ,

ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉને રવિવારે લાંબા અંતરની વ્યૂહાત્મક ક્રુઝ મિસાઇલોના પ્રક્ષેપણનું નિરીક્ષણ કર્યું હતું, જેણે સુરક્ષા જોખમોનો સામનો કરવા માટે તેની પરમાણુ શક્તિ અને પ્રતિ-હુમલા માટેની તૈયારીની પુષ્ટિ કરી હતી, એમ રાજ્ય મીડિયા કેસીએનએ સોમવારે જણાવ્યું હતું.

આ પ્રક્ષેપણ એ ઉત્તર કોરિયાના નેતા દ્વારા ૨૦૨૬ ની શરૂઆતમાં યોજાનારી મુખ્ય શાસક પક્ષની કોંગ્રેસ પહેલાં દેશની લશ્કરી અને આર્થિક પ્રગતિ પર ભાર મૂકવા માટે કિમ દ્વારા હાજરી આપેલ નવીનતમ ઘટના છે.

કેસીએનએ જણાવ્યું હતું કે, ક્રુઝ મિસાઇલો કોરિયન દ્વીપકલ્પના પશ્ચિમમાં સમુદ્ર ઉપર તેમની ભ્રમણકક્ષામાં ઉડાન ભરી અને તેમના લક્ષ્યને હિટ કરતી વખતે કિમે ×મહાન સંતોષ× વ્યક્ત કર્યો હતો.

કિમે ઉત્તર કોરિયાના સત્તાવાર નામ, ડેમોક્રેટિક પીપલ્સ રિપબ્લિક ઓફ કોરિયાનો ઉપયોગ કરીને કહ્યું હતું કે, ×નિયમિત ધોરણે ડીપીઆરકેના પરમાણુ અવરોધક ઘટકોની વિશ્વસનીયતા અને ઝડપી પ્રતિભાવ તપાસવો ... (એ) ફક્ત એક જવાબદાર કવાયત છે,× કારણ કે દેશ ×વિવિધ સુરક્ષા જોખમોનો સામનો કરી રહ્યો છે.×

કેસીએનએ જણાવ્યું હતું કે, કિમે ખાતરી આપી હતી કે ઉત્તર કોરિયા તેના પરમાણુ લડાઇ દળના ×અમર્યાદિત× વિકાસ માટે તેના તમામ પ્રયાસો સમર્પિત કરશે.


દક્ષિણ કોરિયાના જોઈન્ટ ચીફસ ઓફ સ્ટાફે સોમવારે જણાવ્યું હતું કે તેમની સેનાએ રવિવારે સવારે ૮ વાગ્યાની આસપાસ પ્યોંગયાંગ નજીકના સુનાન વિસ્તારમાંથી અનેક ક્રુઝ મિસાઈલોના પ્રક્ષેપણની જાણ કરી હતી. દક્ષિણ કોરિયાના સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે પરમાણુ સંચાલિત સબમરીન બનાવવાનું ચાલુ કાર્ય સહિત ગયા અઠવાડિયામાં ઉત્તર કોરિયા દ્વારા કરવામાં આવેલી લશ્કરી પ્રવૃત્તિઓની શ્રેણી ×કોરિયન દ્વીપકલ્પ પર શાંતિ અને સ્થિરતાને નબળી પાડતી પ્રવૃત્તિઓ× છે. રવિવારનું પ્રક્ષેપણ ગયા અઠવાડિયે KCNA ના અહેવાલને અનુસરે છે જેમાં કિમે તેમની પુત્રી, સંભવિત અનુગામી સાથે પરમાણુ સંચાલિત સબમરીનનું નિર્માણ જોયું હતું અને લાંબા અંતરની સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલોના પરીક્ષણનું નિરીક્ષણ કર્યું હતું.

યોનહાપ ન્યૂઝ એજન્સીએ દક્ષિણ કોરિયાના લશ્કરી અધિકારીને ટાંકીને જણાવ્યું હતું કે ઉત્તર કોરિયા નવા વર્ષના દિવસે વધારાના મિસાઈલ પરીક્ષણો કરી શકે છે. દક્ષિણ કોરિયાની સેનાએ વધુ પ્રક્ષેપણની શક્યતા પર ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો.

સિઓલમાં કોરિયા ઇન્સ્ટિટ્યૂટ ફોર નેશનલ યુનિફિકેશનમાં ઉત્તર કોરિયાના નિષ્ણાત હોંગ મિને જણાવ્યું હતું કે રવિવારના પ્રક્ષેપણમાં ક્રુઝ મિસાઈલોના અપગ્રેડનું પરીક્ષણ થવાની શક્યતા છે જે પરંપરાગત અને પરમાણુ શસ્ત્રો બંને પહોંચાડવામાં સક્ષમ છે.

KCNA એ જણાવ્યું હતું કે, રવિવારે કિમે એક પેપર મિલના ઉદ્ઘાટન સમારોહમાં પણ હાજરી આપી હતી. ગયા મહિના દરમિયાન, કિમે ફેક્ટરીઓ અને હોટલ સહિત અનેક સુવિધાઓના ઉદ્ઘાટન સમારોહમાં હાજરી આપી હતી, કારણ કે દેશ ૨૦૨૬ ની શરૂઆતમાં શાસક વર્કર્સ પાર્ટી ઓફ કોરિયાની નવમી કોંગ્રેસ બોલાવતા પહેલા વિકાસની તેની વર્તમાન ×પંચ-વર્ષીય યોજના× પૂર્ણ કરવા માટે દોડી રહ્યો છે.

# અરવલ્લીની ટેકરીઓ અને પર્વતમાળાઓની વ્યાખ્યા: સુપ્રીમ કોર્ટે ૨૦ નવેમ્બરના તેના નિર્દેશોને સ્થગિત રાખ્યા



નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે સોમવારે કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય દ્વારા અરવલ્લી ટેકરીઓ અને અરવલ્લી પર્વતમાળાની વ્યાખ્યા સ્વીકારતા તેના અગાઉના આદેશ (૨૦ નવેમ્બરના રોજ જારી કરાયેલ) ને ‘મુલતવી‘ રાખ્યો. ભારતના મુખ્ય ન્યાયાધીશ (ઝત્તૈં) સૂર્યકાંતની આગેવાની હેઠળની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે કહ્યું કે નિષ્ણાત સમિતિ દ્વારા અગાઉ રજૂ કરાયેલા અહેવાલનું વિશ્લેષણ કરવા માટે એક ઉચ્ચ-શક્તિશાળી નિષ્ણાત સમિતિની રચના કરવી જોઈએ.

ન્યાયાધીશ જેકે મહેશ્વરી અને એજી મસીહનો સમાવેશ કરતી બેન્ચે કેન્દ્ર સરકાર અને ચાર અરવલ્લી રાજ્યો - રાજસ્થાન, ગુજરાત, દિલ્હી અને હરિયાણા - ને પણ આ મામલે જવાબ માંગવા માટે નોટિસ જારી કરી. કોર્ટે કહ્યું કે તે આ મામલાની આગામી સુનાવણી ૨૧ જાન્યુઆરીએ કરશે.

×અમને લાગે છે કે નિષ્ણાત સમિતિનો અહેવાલ અને આ કોર્ટ દ્વારા કરવામાં આવેલા કેટલાક પરિણામે અવલોકન... જે ગેરસમજ પેદા કરી રહ્યું છે... તેને કેટલીક સ્પષ્ટતાની જરૂર પડશે,× ઝત્તૈં કાંતે કહ્યું.

સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું કે અરવલ્લીની વ્યાખ્યા ૫૦૦ મીટર વિસ્તાર સુધી મર્યાદિત હોવાથી ×સંરક્ષણ ક્ષેત્ર સંકુચિત થાય છે ત્યાં માળખાકીય વિરોધાભાસ× સર્જાય છે કે કેમ તે અંગે વિગતો પ્રદાન કરવા માટે સ્વતંત્ર કવાયતની જરૂર છે. કોર્ટે એ પણ વિચાર્યું કે શું બિન-અરવલ્લી વિસ્તારમાં નિયમનકારી ખાણકામનો અવકાશ છે કે નહીં.

×નવા સીમાંકિત અરવલ્લી વિસ્તારમાં ટકાઉ ખાણકામ કે નિયમનકારી ખાણકામનું વિશ્લેષણ, નિયમનકારી દેખરેખ હોવા છતાં, કોઈપણ પ્રતિકૂળ પર્યાવરણીય પરિણામો તરફ દોરી જશે... તે પાસાની તપાસ કરી શકાય છે,× કોર્ટે કહ્યું.

સુપ્રીમ કોર્ટનો અગાઉનો આદેશ અને ખાણકામ અંગેનો વિવાદ

૨૦ નવેમ્બરના રોજ, સુપ્રીમ કોર્ટે અરવલ્લી ટેકરીઓ અને પર્વતમાળાઓની એક સમાન વ્યાખ્યા સ્વીકારી હતી, જેમાં નિષ્ણાતોના અહેવાલો બહાર ન આવે ત્યાં સુધી દિલ્હી, હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતમાં ફેલાયેલા તેના વિસ્તારોમાં નવા ખાણકામ લીઝ આપવા પર પ્રતિબંધ મૂક્યો હતો. પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયની સમિતિ દ્વારા અરવલ્લીની વ્યાખ્યા અંગે આપવામાં આવેલી ભલામણોને કોર્ટે સ્વીકારી હતી. ×અરવલ્લી જિલ્લાઓમાં સ્થિત કોઈપણ ભૂમિ સ્વરૂપ, જે સ્થાનિક રાહતથી ૧૦૦ મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવે છે, તેને અરવલ્લી ટેકરીઓ કહેવામાં આવશે... આવા સૌથી નીચા સમોચ્ચથી ઘેરાયેલા વિસ્તારમાં આવેલું સમગ્ર ભૂમિ સ્વરૂપ, વાસ્તવિક હોય કે કાલ્પનિક રીતે વિસ્તૃત, ટેકરી, તેના સહાયક ઢોળાવ અને સંકળાયેલ ભૂમિ સ્વરૂપો, તેમના ઢાળને ધ્યાનમાં લીધા વિના, અરવલ્લી ટેકરીઓનો ભાગ માનવામાં આવશે,× સમિતિએ જણાવ્યું હતું.

કોર્ટે ટકાઉ ખાણકામ માટેની ભલામણો અને અરવલ્લી ટેકરીઓ અને પર્વતમાળાઓમાં ગેરકાયદેસર ખાણકામ અટકાવવા માટે લેવાના પગલાં પણ સ્વીકાર્યા હતા. તેણે અધિકારીઓને ×અરવલ્લી લેન્ડસ્કેપમાં ખાણકામ અને પર્યાવરણીય રીતે સંવેદનશીલ, સંરક્ષણ-નિર્ણાયક અને પુનઃસ્થાપન પ્રાથમિકતા વિસ્તારો માટે માન્ય વિસ્તારો ઓળખવાનો નિર્દેશ આપ્યો હતો જ્યાં ખાણકામ સખત પ્રતિબંધિત અથવા ફક્ત અપવાદરૂપ અને વૈજ્ઞાનિક રીતે વાજબી સંજોગોમાં જ મંજૂરી આપવામાં આવશે×.

# ‘ઘર કબ આઓગે’નું ટીઝર રિલીઝ: બોર્ડર ૨ નું સોનુ નિગમનું ગીતને યાદ કરાવે છે

૧૯૯૭ માં આવેલી ફિલ્મ બોર્ડરની ખૂબ જ અપેક્ષિત સિક્વલ, બોર્ડર ૨ ના નિર્માતાઓએ સોમવાર, ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ સોશિયલ મીડિયા પર ‘ઘર કબ આઓગે‘ ગીતનું ટીઝર રિલીઝ કર્યું. શક્તિશાળી દેશભક્તિ ગીત ઘર કબ આઓગે સોનુ નિગમ, અરિજીત સિંહ, વિશાલ મિશ્રા અને દિલજીત દોસાંઝ દ્વારા ગાયું છે.

ઉલ્લેખનીય છે કે, મૂળ ગીતનું સંગીત અનુ મલિક દ્વારા રચવામાં આવ્યું હતું, અને તેને મિથુન દ્વારા ફરીથી બનાવવામાં આવ્યું છે. ૪૭ સેકન્ડના આ ટીઝરને યુટ્યુબ પર રિલીઝ થયા પછી ૮૨૫ હજારથી વધુ વ્યૂઝ મળ્યા છે.

ઘર કબ આઓગે ટીઝર રિલીઝ થઈ ગયું છે

વિડીયો શેર કરતા, ટી-સીરીઝની સત્તાવાર યુટ્યુબ ચેનલે લખ્યું, ×ભારતીય સિનેમાના ઈતિહાસમાં સૌથી મહાન સંગીત સહયોગના સાક્ષી બનવા માટે તૈયાર રહો. દરેક હૃદયમાં વસતા સદાબહાર દેશભક્તિ ગીત ×ઘર કબ આઓગે× નું સૌથી વધુ રાહ જોવાતું ટીઝર રજૂ કરી રહ્યું છે, ઈર્ંઇઢઈઇ (જૈષ્) માંથી.×

નોંધનીય છે કે આખું ગીત ૨ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ રિલીઝ થશે. જ્યારે, ફિલ્મ, બોર્ડર ૨, ૨૩ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ રિલીઝ થવાની છે.

ઘર કબ આઓગે ટીઝર પર ઇન્ટરનેટની પ્રતિક્રિયાઓ

સોશિયલ મીડિયા યુઝર્સે ટીઝર પર પોતાના વિચારો શેર કર્યા છે. એક યુઝરે લખ્યું, ×અરિજીત સિંહનો અવાજ અલગ રીતે હિટ થાય છે (જૈષ્).× બીજા યુટ્યુબ યુઝરે ગાયકોના સહયોગની પ્રશંસા કરતા કહ્યું, ×એક ગીતમાં મેન ૩ સૌથી ભાવનાત્મક ગાયકો. સોનુ નિગમ, અરિજીત સિંહ અને વિશાલ મિશ્રા. તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ (જૈષ્).

બોર્ડર ૨: કાસ્ટ અને પ્રોડક્શન વિગતો

હિન્દી ભાષાની યુદ્ધ નાટક ફિલ્મ બોર્ડર ૨ માં સની દેઓલ, વરુણ ધવન, અહાન શેટ્ટી અને અન્ય સ્ટાર્સ મુખ્ય ભૂમિકાઓમાં છે. તેનું દિગ્દર્શન અનુરાગ સિંહ દ્વારા કરવામાં આવ્યું છે અને ટી-સિરીઝ અને જેપી ફિલ્મ્સના બેનર હેઠળ ભૂષણ કુમાર, કૃષ્ણ કુમાર, જેપી દત્તા અને નિધિ દત્તા દ્વારા નિર્માણ કરવામાં આવ્યું છે.

# શામળાજી વિસ્તારમાં દારૂની હેરાફેરી કરતા બે પોલીસ કર્મીઓને એલસીબીએ ઝડપી પાડ્યા



**ટ્રેન્ડ ગુજરાત , તા.૩૦**
અહેવાલ: વિનોદ ભાવસાર

૩૧ ડિસેમ્બર મનાવવા અંગ્રેજી દારૂની હેરાફેરી પર બાજ નજર લગાવીને બેઠેલી જિલ્લા પોલીસની ટીમને પોતાની ખાખીધારીઓ પર અંગ્રેજી દારૂની હેરાફેરીનો કેસ કરવો પડ્યો છે શામળાજી પોલીસ સ્ટેશનની બોર્ડર અણસોલ ચેક પોસ્ટ પર ફરજ બજાવતા બે ખાખીધારીઓને જિલ્લા એલસીબીની ટીમે ઝડપી લીધા હતા એલસીબી પીઆઇ એમ એચ ઝાલા પેટ્રોલિંગમાં રાત્રિના સમયે અણસોલ ચેક પોસ્ટ બાજુ હતા ત્યારે જ અણસોલ ચેક પોસ્ટ પર ફરજ બજાવતા પોપટભાઈ ભરવાડ તેમજ રાહુલ દેસાઈ નામના બે એસઆરપી જવાન વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપાયા હતા જિલ્લા એલસીબી ટીમનાહાથે રંગે હાથે ઝડપાઈ ગયેલા બંને ખાખીધારીઓ સામે શામળાજી પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન એક્ટ મુજબ મુજબ ગુનો દાખલ કરી વિદેશી દારૂ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો જેના માથે દારૂની હેરાફેરી અટકાવવાની જવાબદારી છે તેવા ખાખીધારીઓ બુટલેગર બની જતા અરવલ્લી પોલીસની આબરૂના ધજાગરા ઉડયા છે આ સમગ્ર મામલો રાજ્યના પોલીસબેડામાં ભારે ચર્ચાસ્પદ બન્યો છે ત્યારે આગામી દિવસોમાં સ્વચ્છ અને કડક અધિકારીની છાપ ધરાવતા જીલ્લાના પોલીસવડા આ અંગે કેવી કડકાઈ રાખે છે તે જોવું રહ્યું

# C.Aને શેર બજારમાં ઉંચા વળતરના નામે ૨૪.૭૩ લાખ સાયબર ગેંગે ઠગી લેતા સાયબર ક્રાઈમે એકને દબોચ્યો



**ટ્રેન્ડ ગુજરાત , તા.૩૦**
અહેવાલ: વિનોદ ભાવસાર

અરવલ્લી જીલ્લા સાયબર ક્રાઇમ પોલીસે મોડાસા શહેરમાં રહેતા ચાર્ટડ એકાઉન્ટન્ટને સાયબર ક્રાઇમ ગેંગની યુવતીએ સોશ્યલ મીડિયાના માધ્યમથી સંપર્ક કરી શેર બજારમાં રોકાણ કરવાની ટિપ્સ આપી રોકાણ સામે ઉંચો નફો અને વધુ વ્યાજની લાલચ આપી સાયબર ગેંગે ચાર્ટડ એકાઉન્ટન્ટને ૨૪.૭૩ લાખનો બૂચ મારતા સાયબર ફ્રોડનો ભોગ બન્યાનો અહેસાસ થતાં સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધવતા સાયબર ક્રાઇમ બી.કે.વાઘેલા અને તેમની ટીમે ટેકનિકલ એનાલિસિસના આધારે મહારાષ્ટ્રના મુમ્બ્રાના સાયબર ગેંગના સાગરિતને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો

આજકાલ શેરબજારમાં રોકાણ કરનારા લોકોની સંખ્યા ઝડપથી વધી રહી છે. શેર ટ્રેડિંગ, મ્યુચ્યુઅલ ફંડ અને લોકોમાં ઝડપથી લોકપ્રિય બની રહ્યા છે. પરંતુ આ વધતી લોકપ્રિયતાની સાથે સાઈબર ઠગો પણ વધુ એક્ટિવ થઈ ગયા છે. માત્ર રોકાણ કરવાથી નહી, પરંતુ થોડી બેદરકારીથી પણ તમારી વર્ષોની બચત સેકન્ડમાં ગુમાવી શકાય છે. આવો જ એક ચોંકાવનારો કિસ્સો અરવલ્લી જિલ્લામાંથી સામે આવ્યો છે. મોડાસા શહેરના સાઈ મંદિર વિસ્તારમાં રહેતા અને નવસારીના ચાર્ટડ એકાઉન્ટન્ટ વિશાલ ચંદુલાલ અઢિયાને સોશ્યલ મીડિયા મારફતે સાયબર ક્રાઇમ ગેંગની સાગરિત યુવતીએ સંપર્ક કરી વાતોમાં ભોળવી શેર બજારમાં રોકાણ કરવાનું કહી ઉંચો નફો આપવાનું જણાવી વિશ્વાસમાં લીધા પછી ચાર્ટડ એકાઉન્ટન્ટને શેર માર્કેટમાં રોકાણ કરાવી શરૂઆતમાં તેમના એકાઉન્ટમાં રોકાણ સામે ઉંચુ વળતર મળતાં ચાર્ટડ એકાઉન્ટ લાલચમાં આવી જતા સાયબર ક્રાઇમ ગેંગે તેમને શેર અને આઈપીઓમાં રોકાણ કરવાનું કહી ધીરે ધીરે જુદા-જુદા ખાતામાં ૨૪.૭૩ લાખ રૂપિયા ખંખેરી લેતા વિશાલ અઢિયાને સાયબર ક્રાઇમ ગેંગનો ભોગ બન્યો હોવાનો અહેસાસ થતાં સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા પોલીસ તપાસનો ધમધમાટ શરૂ કરી સાયબર ફ્રોડના રૂપિયા જમા થનાર સાયબર ગેંગના સાગરિત ખાતા ધારક મહારાષ્ટ્રના જાહીદઅલી ગુલામઅબ્બાસ પૂંજાની (રહે,રોયલ ગાર્ડન ફ્લેટ,મુંબ્રા-થાણે)ને દબોચી લઇ સાયબર ગેંગના મુખિયા અને તેના અન્ય સાગરિતોને ઝડપી પાડવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો

જો તમને શેર માર્કેટમાં રોકાણ કરવાથી સારું વળતર મળશે તેવી લોભામણી સ્કીમ બતાવવામાં આવે છે તો ચેતી જજો. કારણ કે હવે ઠગ ટોળકીઓ સક્રિય થઈ છે

# સીસોદરા ગૌશાળામાં રામકથાનું આયોજન



**ટ્રેન્ડ ગુજરાત , તા.૩૦**

આજરોજ ભાભર તાલુકા ના સીસોદરા ગૌશાળા મુકામે અગિયારસ સત્સંગ પ્રસંગે રામકથાનું સુંદર આયોજન થાય તે માટેની મીટીંગ મળી હતી જેમાં કથા ના મુખ્ય યજમાન પદે અજુભાઈ નાથાભાઈ ચૌધરી, કુણસેલા . સહ યજમાન તરીકે ગોવિંદભાઈ કલ્યાણભાઈ ચૌધરી ગોસણ, નવ દિવસના ભોજન દાતા હરિભાઈ નટવરલાલ આચાર્ય ભાભર તેમજ આજુબાજુના ઘણા બધા ગામોના ભક્તો સાથે મળી સારો સહયોગ નોંધાવ્યો. આગામી તારીખ ૭/ ૧/ ૨૦૨૬ બુધવારથી ૧૫ /૧ /૨૦૨૬ ગુરૂવાર નવ દિવસીય રામકથાના ભવ્ય આયોજનની વ્યવસ્થા માટે સમિતિની રચના કરવામાં આવી તેમજ કથા નું રસપાન ગૌ ભક્ત હરિહરદાસ (છોગારામ બાપુ) કરાવશે કથામાં આવતા સૌ લોકોને યોગ્ય વ્યવસ્થા મળે તે માટેની સૌએ જવાબદારી પૂર્વક કામ કરવાની તૈયારી દર્શાવી. ગૌ શાળા પરિવાર તથા ગ્રામજનો તરફથી પંથકની સૌ ધર્મપ્રેમી જનતાને આ કથામાં પધારવા તથા લાભ લેવા હાર્દિક જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે

# ખેડબ્રહ્માના આશા કાર્યકર વિશાખાબહેને સ્વખર્ચે સગર્ભા માતાઓને પોષણ કીટ અર્પણ કરી



**ટ્રેન્ડ ગુજરાત , તા.૩૦**

સાબરકાંઠાના ખેડબ્રહ્મા શહેરી વિસ્તારમાં આશા તરીકે સેવારત વિશાખાબહેન ચૌહાણે તેમના કાર્યક્ષેત્રમાં આવતી ૧૫ ઓછા વજન ધરાવતી સગર્ભા માતાઓને પોતાની બચતના રૂપિયામાથી સ્વખર્ચે પોષણ કીટ આપીને માનવતા, પુણ્ય અને જનસેવાનુ અનોખુ ઉદાહરણ પૂરુ પાડતુ છે.

આશા કાર્યકર તરીકે તેઓ માત્ર ઈન્સેન્ટિવ આધારિત સેવા આપે છે, છતાં પોતાના હૃદયના ઉમદા ભાવને કર્મમાં રૂપાંતરિત કરી તેમણે સમાજ પ્રત્યેની પોતાની સંવેદનશીલતા સાબિત કરી છે.

સ્વસ્થ સાબરકાંઠાના ઉજ્જવળ ભવિષ્ય સમાન સગર્ભા માતાઓ તથા નવજાત શિશુઓના આરોગ્ય માટે પ્રોટીન અને પોષક તત્વોથી સમૃદ્ધ આ પોષણ કીટ અત્યંત ઉપયોગી અને અમૂલ્ય સાબિત થશે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાજ સુતરીયાએ ખેડબ્રહ્મા તાલુકા હેલ્થ કચેરી પહોંચી આશા બહેનના કર્મને વધાવી સન્માન કરી તેમના માનવતાભર્યો પ્રયાસ અન્ય માટે પણ પ્રેરણાસ્રોત બની રહે એ માટે અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી

# શામળાજી : UPનો બીરેન્દ્ર ખટીક ૩ પિસ્તોલ અને ૧૮ કારતૂસ સાથે અમદાવાદમાં લૂંટ કરવા નીકળ્યો પોલીસે દબોચ્યો



**ટ્રેન્ડ ગુજરાત , તા.૩૦**
અહેવાલ: વિનોદ ભાવસાર

અરવલ્લી જીલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ થર્ટી ફર્સ્ટને પગલે રાજસ્થાન રાજ્યને અડીને આવેલ અને અન્ય જીલ્લાને જોડતી સરહદો પર રાઉન્ડ ધી ક્લોક પેટ્રોલીગ અને વાહનોનું સઘન ચેકિંગ કરી રહી છે શામળાજી પોલીસની સતર્કતાથી અમાદાવાદમાં લૂંટની મોટી ઘટનાને અંજામ આપે તે પહેલા બાઇક પર રહેલા આરોપીનો રતનપુર ચેકપોસ્ટ પરથી પીછો કરી કડવઠ ગામ નજીકથી દબોચી લીધો હતો બાઈકની સીટ નીચે સંતાડેલ ત્રણ દેશી બનાવટની પિસ્તોલ અને ૧૮ જીવતા કારતૂસ મળી આવતા પોલીસ ચોંકી ઉઠી હતી પોલીસે લૂંટની ઘટનાનો પ્લાન કરનાર વધુ ચાર આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા શામળાજી પીઆઇ એસ.એસ.માલ અને તેમની ટીમે રતનપુર ચેકપોસ્ટ નજીક વાહનોનું ચેકિંગ હાથધરતા રાજસ્થાન તરફથી પૂરઝડપે આવતી પેસન પ્રો બાઇકને અટકાવવાનો પ્રયત્ન કરતા બાઈક ચાલકે બાઈક હંકારી મૂકતાં પોલીસે જીપમાં પીછો કરી કડવઠ ગામ નજીક પોલીસજીપ આડશ ઉભી કરી કોર્ડન કરી પકડી લીધો હતો બાઇકની તલાસી લેતા સીટ નીચે સંતાડેલ દેશી બનાવટની ત્રણ પિસ્તોલ અને પાકીટમાંથી ૧૮ જીવતાં કારતુસ મળી આવતા પોલીસ ચોંકી ઉઠી હાથી પોલીસે બાઈક ચાલક બીરેન્દ્ર ચંદરપાલ ખટીક (રહે,H-63 ફિરદોસ મસ્જિદની સામે, ગરીમા ગાર્ડન, સાહીદાબાદ , ગાજીયાબાદ,યુ.પી)ની ધરપકડ કરી આગવી ઢબે પૂછપરછ કરતા આરોપીએ વટાણા વેરી નાંખ્યા હતા તેના સાગરીતો સાથે અમદાવાદમાં લૂંટની ઘટનાને અંજામ આપવા પિસ્તોલ અને કારતૂસ સાથે અમદાવાદ જવા નીકળ્યો હોવાનું જણાવ્યું હતું શામળાજી પોલીસની સતર્કતાથી અમદાવાદ માં થર્ટી ફર્સ્ટ દરમિયાન કોઇ મોટી ઘટના બનતી અટકી હતી શામળાજી પોલીસ,એસઓજી અને એલસીબી પોલીસે લૂંટની ઘટનાને અંજામ આપનાર અન્ય આરોપીઓને ઝડપી પાડવા વિવિધ ટીમ બનાવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે આરોપીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવા તજવીજ હાથધરી હતી

# રાજ્યકક્ષાની ભજન સ્પર્ધામાં વાવ કોલેજનો વિદ્યાર્થી પ્રથમ




**ટ્રેન્ડ ગુજરાત , તા.૩૦**

સરકારી વિનયન કોલેજ, વાવમાં અભ્યાસ કરતા અસારા ગામના વતની યુવક સોઢા જનકસિંહે મોરબી ખાતે આયોજિત ગુજરાત રાજ્ય કક્ષાના યુવાઉત્સવ ૨૦૨૫માં ભજનગાન સ્પર્ધામાં સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો. તાલુકા કક્ષાએ,જિલ્લા કક્ષાએ અને ત્યારબાદ ઝોન કક્ષાએ પ્રથમ આવ્યા બાદ રાજ્યકક્ષાએ પણ તેઓએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે.આ પ્રસંગે આચાર્યશ્રી ડૉ.માલા શર્મા સાંસ્કૃતિક કન્વીનર પ્રો.ચેતનકુમાર સાધુ તેમજ કૉલેજ પરિવારે શુભકામનાઓ પાઠવી અને આનંદની લાગણી વ્યક્ત કરી. જનકસિંહે વાવ કૉલેજ તેમજ સમગ્ર પંથકનું ગૌરવ વધાર્યું છે.

# થરા કોલેજમાં જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને સ્વેટર વિતરણ કરવામાં આવ્યા



**ટ્રેન્ડ ગુજરાત , તા.૩૦**

કાંકરેજ તાલુકા કેળવણી મંડળ સંચાલિત શ્રી સેવંતીલાલ અમૃતલાલ સુરાણી વિદ્યા સંકુલ અંતર્ગત, શ્રીમતી કાંતાબેન કીર્તિલાલ શાહ આર્ટ્સ અને શ્રીમતી લીલાવતીબેન બાપુલાલ ગુંજારીયા કોમર્સ કોલેજ થરા અને જૈન પ્રગતિ મંડળ થરાના સયુંક્ત ઉપક્રમે વિદ્યાસંકુલના દાતા સ્વ.શ્રી સેવંતીલાલ અમૃતલાલ સુરાણી તથા સ્વ.પ્રેમિલાબેન સેવંતીલાલ સુરાણીની વાર્ષિક પુણયતિથિ નિમિતે તેમના પરિવારજનો શ્રી મુકેશભાઈ સુરાણી તથા રાકેશભાઈ સુરાણી તરફથી પરંપરા મુજબ તેમના પિતાશ્રી તથા માતૃશ્રીની સ્મૃતિમાં કૉલેજમાં અભ્યાસ કરતાં જરૂરિયાત મંદ વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઠંડીથી રક્ષણ મળે તે હેતુસર તારીખ-૧૮/૧૨/૨૦૨૫થી તારીખ -૩૦/૧૨/૨૦૨૫ સુધી તેમના પરિવારજનો નીમિષાબેન રાકેશભાઈ સુરાણી, કિનાબેન, નિવ્યાબેન, કાંકરેજ તાલુકા કેળવણી મંડળ થરાના પ્રમુખ શ્રી ધીરજભાઈ કે.શાહ,કેળવણી મંડળના સદસ્યશ્રીઓ, તથા કૉલેજનાં આચાર્ય શ્રી ડૉ.દિનેશકુમાર એસ. ચારણ તેમજ કૉલેજના કર્મચારીગણના વરદ હસ્તે સ્વેટર વિતરણ કરવામાં આવ્યા હતાં.આ પ્રસંગે કાંકરેજ તાલુકા કેળવણી મંડળ થરાના પ્રમુખશ્રી ધીરજભાઈ કે. શાહ તથા કૉલેજ પરિવાર સ્વ.શ્રી સેવંતીલાલ અમૃતલાલ સુરાણીનાં પરિવારજનો પ્રત્યે હાર્દિક આભારની લાગણી વક્ત કરે છે.

# થરા કોલેજમાં જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને સ્વેટર વિતરણ કરવામાં આવ્યા

**ટ્રેન્ડ ગુજરાત , તા.૩૦**
અહેવાલ: વિનોદ ભાવસાર

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં હવે રોમિયોગીરી કરી તો સમજી લેજો હવે તમારી ખેર નથી તમારી કરતુતો પર નજર રાખવા શહેરના માર્ગો પર શી ટીમ પેટ્રોલિંગ સાથે વોચ રાખી રહી છે મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલ સાંઈ મંદિર નજીક નગરપાલિકાના બગીચા નજીક ત્રણ રોડ રોમિયોને રોમિયોગીરી કરવી ભારે પાડી છે મોડાસા મહિલા પોલીસની શી ટીમે ત્રણ છેલબટાઉ ત્રણ રોમિયોને દબોચી લઇ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મોડાસા શહેરના માલપુર રોડ પર શાળા છૂટવાના સમય દરમિયાન અને કોલેજ રોડ પર

દિવસભર રોડ રોમિયો હાઈસ્પીડ બાઈક લઈ સ્ટન્ટ કરી હૉર્ન મારતા પૂરઝડપે હંકારી આતંક મચાવી રહ્યા છે મોડાસા મહિલા પોલીસની શી

ટીમ શહેરના ભીડભાડ વિસ્તારો સહીત સમગ્ર મોડાસા



શહેરના માર્ગો પર શી ટીમ રોડ રોમિયો ને કાયદાના પાઠ ભણાવવા પેટ્રોલિંગ હાથધરતા

માલપુર રોડ પર આવેલ સાંઈ મંદિર નજીક બગીચા નજીક અને બગીચામાં નિર્લજ વર્તન કરી રોમિયો ગિરી કરતા ૧)દેવર્ષસિંહ સંજુસિંહ રાજપૂત (રહે,૧૬,બી ગીતાંજલિ સોસાયટી) ૨)

મિત લાલાભાઇ બામણીયા (રહે,બી-૨૬ પંચજ્યોત સોસાયટી) અને ૩)વિશાલ મગનભાઈ રાઠોડ (રહે,ગુરુકુળ સોસાયટી)ને ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી શી ટીમે રોમિયોગિરી કરતા અસામાજિક તત્ત્વો સામે લાલ આંખ કરતા રોમિયોમાં ફફડાટ ફેલાયો છે શી ટીમની કામગીરીને શહેરીજનોએ આવકારી હતી જોકે અનેક યુવતીઓ અને મહિલાઓ રોડ રોમિયોની હરકતોથી તંગ આવી ગઈ હોવા છતાં આબરૂના ડરે પોલીસ ફરિયાદ કરવાનું ટાળતા લુખ્ખાઓની હિંમત વધતી રહે છે

અત્રે ઉલ્લેખનીય છે કે,શહેરમાં જેમ જેમ ભીડભાડ વધી રહી છે તેમ તેમ અસામાજિક તત્વોનો ત્રાસ પણ વધી રહ્યો છે. ચેઈન સ્નેચિંગથી માંડીને છેડતીના બનાવો વધી રહ્યા છે. ખાસ કરીને શહેરના ધમધમતા રોડ પર કે સોસાયટીઓના સૂનકારસ્તા પર એકલ દોકલ મહિલાઓની છેડતીના બનાવો વધી રહ્યા છે. તો શહેરના શાળા, કોલેજો કે શૈક્ષણિક પરિસરોના ગેટ પર અસામાજિક તત્વોના અડ્ડાઓ વધી રહ્યા છે. આ સંજોગોમાં મહિલાઓ અને સગીર વયની કન્યાઓની સુરક્ષા અંગે એક નવીજ સામાજિક ચિંતા ઊભી થઈ છે.

# ગાજણ શાળામા પ્રવચન બાદ ગ્લુકોઝ બિસ્કિટસ નું વિતરણ



**ટ્રેન્ડ ગુજરાત , તા.૩૦**

શ્રી એમ. એલ. ગાંધી સંચાલીત સર પી. ટી. સાયન્સ કોલેજ મોડાસા અરવલ્લી જિલ્લાના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અરવલ્લી વિસ્તાર ના ગતિવિધિ કાર્યકર્તા પ્રાથમિક વર્ગ શિક્ષિત નામી એવોર્ડી ડૉ.મનોજભાઈ પી.ગોંગીવાલાએ ગાજણ શાળા મા પ્રેરક પ્રવચન સ્માર્ટ વ્યુ બોર્ડ પર પ્રાર્થના બાળવાર્તા રામાયણ શ્રવણ પ્રસંગ બતાવી પ્રશ્નોત્તરી કરી બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ જવાબો આપ્યા. એમની સાથે અહિંસા ડે ન્યૂઝ પેપર ના તંત્રી અરવિંદભાઈ પ્રણામી ઉપસ્થિત રહ્યાં હતાં. શક્તિ વર્ધક ઓરીજીનલ ગ્લુકોઝ બિસ્કિટસ નું વિતરણ કર્યું. શાળાના શિક્ષકો એ કાર્યક્રમ નું સુચારૂ આયોજન કર્યું.

ચૈત્રી નવરાત્રી ૨૦૨૩ થી અત્યાર સુધીમાં અધ્યાપકે અડધો કરોડ થી વધુ સ્વદેશી ગ્લુકોઝ બિસ્કિટસ જરૂરિયાત વાળા બાળકો માટે ગણવેશ જેકેટ્સ વસ્ત્ર સ્વેટર તેમજ શાળા પરિસર માટે વૃક્ષોની સેવા રાજ્ય અને રાજ્ય બહાર અઢી હજાર જેટલા કાર્યક્રમો યોજી અવિરત સેવારત છે.

# એજન્સીઓને 'અનુકૂલન કરો અથવા......' ચેતવણી આપતાં અમેરિકાએ યુએન માનવતાવાદી સહાય માટે ૨ બિલિયન ડોલરનું વચન આપ્યું

વોશિંગટન,

સોમવારે યુનાઈટેડ સ્ટેટ્સે યુએન માનવતાવાદી સહાય માટે ૨ બિલિયન ડોલરની પ્રતિજ્ઞાની જાહેરાત કરી, કારણ કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું વહીવટીતંત્ર યુએસ વિદેશી સહાયમાં ઘટાડો કરવાનું ચાલુ રાખે છે અને નવી નાણાકીય વાસ્તવિકતાઓના સમયમાં સંયુક્ત રાષ્ટ્રની એજન્સીઓને ×અનુકૂલન, સંકોચન અથવા મૃત્યુ× માટે ચેતવણી આપે છે.

આ નાણાં ભૂતકાળમાં યુએસ દ્વારા આપવામાં આવેલા યોગદાનનો એક નાનો ભાગ છે પરંતુ તે પ્રતિબિંબિત કરે છે કે વહીવટીતંત્ર ઉદાર રકમ માને છે જે વિશ્વના સૌથી મોટા માનવતાવાદી દાતા તરીકે યુનાઈટેડ સ્ટેટ્સની સ્થિતિ જાળવી રાખશે.

આ પ્રતિજ્ઞા એક છત્ર ભંડોળ બનાવે છે જેમાંથી નાણાં વ્યક્તિગત એજન્સીઓ અને પ્રાથમિકતાઓને વહેંચવામાં આવશે, જે વિશ્વ સંસ્થામાં ધરખમ ફેરફારો માટે યુએસની માંગનો મુખ્ય ભાગ છે જેણે ઘણા માનવતાવાદી કાર્યકરોને ચિંતામાં મૂક્યા છે અને કાર્યક્રમો અને સેવાઓમાં ગંભીર ઘટાડો કર્યો છે.

યુએનના ડેટા અનુસાર, ૨ બિલિયન ડોલર યુએન-સમર્થિત કાર્યક્રમો માટે પરંપરાગત યુએસ માનવતાવાદી ભંડોળનો માત્ર એક ભાગ છે, જે તાજેતરના વર્ષોમાં વાર્ષિક ઈ૧૭ બિલિયન જેટલો ઊંચો ગયો છે. યુએસ અધિકારીઓ કહે છે કે તેમાંથી માત્ર ઈ૮-ઈ૧૦ બિલિયન સ્વૈચ્છિક યોગદાનમાં છે. યુનાઈટેડ સ્ટેટ્સ તેના યુએન સભ્યપદ સંબંધિત વાર્ષિક લેણાંમાં અબજો પણ ચૂકવે છે.

ટીકાકારો કહે છે કે પશ્ચિમી સહાયમાં કાપ ટૂંકી દ્રષ્ટિથી કરવામાં આવ્યો છે, જેના કારણે લાખો લોકો ભૂખમરો, વિસ્થાપન અથવા રોગ તરફ દોરી ગયા છે, અને વિશ્વભરમાં યુએસ સોફ્ટ પાવરને નુકસાન થયું છે.

આ પગલું યુએનના ઘણા સંગઠનો જેમ કે તેની શરણાર્થી, સ્થળાંતર અને ખાદ્ય સહાય એજન્સીઓ માટે કટોકટીના વર્ષને પૂર્ણ કરે છે. ટ્રમ્પ વહીવટીતંત્રે પહેલાથી જ યુએસ વિદેશી સહાયમાં અબજો રૂપિયાનો કાપ મૂક્યો છે, જેના કારણે તેઓ ખર્ચ, સહાય પ્રોજેક્ટ્સ અને હજારો નોકરીઓ ઘટાડી રહ્યા છે. અન્ય પરંપરાગત પશ્ચિમી દાતાઓએ પણ ખર્ચ ઘટાડ્યો છે.

વિશ્વના ટોચના માનવતાવાદી સહાય પ્રદાતા અને યુએસ માનવતાવાદી સહાય નાણાંના સૌથી મોટા પ્રાપ્તકર્તા - સંયુક્ત રાષ્ટ્રના સહાય કાર્યક્રમો માટે જાહેર કરાયેલ યુએસ પ્રતિજ્ઞા - ભૂતપૂર્વ બ્રિટિશ રાજદ્વારી અને સરકારી અધિકારી ટોમ ફ્લેચર દ્વારા સંચાલિત યુએન ઓફિસ ફોર ધ કોઓર્ડિનેશન ઓફ હ્યુમેનિટેરિયન અફેર્સ, અથવા 'ઝઉઁછ સાથેના પ્રારંભિક સોદામાં આકાર લે છે.

અમેરિકા તેની સહાય પાછી ખેંચી રહ્યું છે તેમ છતાં, વિશ્વભરમાં જરૂરિયાતો વધી ગઈ છે: આ વર્ષે સંઘર્ષગ્રસ્ત સુદાન અને ગાઝાના કેટલાક ભાગોમાં દુકાળ નોંધાયો છે, અને પૂર, દુષ્કાળ અને કુદરતી આફતો જેને ઘણા વૈજ્ઞાનિકો આબોહવા પરિવર્તનને આભારી છે, તેના કારણે ઘણા લોકો માર્યા ગયા છે અથવા હજારો લોકોને તેમના ઘર છોડીને હાંકી કાઢવામાં આવ્યા છે.

આ કાપથી યુએનના સહયોગીઓ જેમ કે ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન, વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ અને રેફ્યુજી એજન્સી યુએનએચસીઆર પર મોટી અસર પડશે. આ વર્ષે તેમને અમેરિકા તરફથી અગાઉના બિડેન વહીવટીતંત્ર દ્વારા વાર્ષિક ફાળવણી કરતાં - અથવા ટ્રમ્પના પહેલા કાર્યકાળ દરમિયાન પણ અબજો ઓછા મળ્યા છે.

હવે, વિચાર એ છે કે ફ્લેચરનું કાર્યાલય - જેણે ગયા વર્ષે ખર્ચવામાં આવેલા નાણાંની કાર્યક્ષમતા, જવાબદારી અને અસરકારકતા સુધારવા માટે ×માનવતાવાદી રીસેટ× શરૂ કર્યું હતું - તે યુએસ અને અન્ય સહાય નાણાં માટે એક ફનલ બનશે જે પછી તે એજન્સીઓને રીડાયરેક્ટ કરી શકાય છે, સહાય માટે વિવિધ વ્યક્તિગત અપીલોમાં વેરવિખેર યુએસ યોગદાનને બદલે.

યુએસ સહાય એકત્રીકરણ માંગે છે

યુનાઈટેડ સ્ટેટ્સ યુએન સહાય વિતરણ પ્રણાલીઓમાં ×વધુ એકીકૃત નેતૃત્વ સત્તા× જોવા માંગે છે, એમ જીનીવામાં યુએસ રાજદ્વારી મિશનમાં જાહેરાત પહેલાં વિગતો પ્રદાન કરવા માટે નામ ન આપવાની શરતે બોલતા એક વરિષ્ઠ સ્ટેટ ડિપાર્ટમેન્ટ અધિકારીએ જણાવ્યું હતું.

યોજના હેઠળ, ફ્લેચર અને તેમની સંકલન કચેરી એજન્સીઓને નાણાં કેવી રીતે વિતરિત કરવામાં આવે છે તેના પર ×નિયંત્રણ× કરશે, અધિકારીએ જણાવ્યું હતું.

×યુનાઈટેડ નેશન્સમાં આ માનવતાવાદી પુનર્નિર્માણથી ઓછા કર ડોલર સાથે વધુ સહાય પૂરી પાડવી જોઈએ - જે યુએસ વિદેશ નીતિ સાથે સુસંગત વધુ કેન્દ્રિત, પરિણામ-આધારિત સહાય પૂરી પાડશે,× યુનાઈટેડ નેશન્સમાં યુએસ એમ્બેસેડર માઈકલ વોલ્ટ્ઝે જણાવ્યું હતું.



યુએસ અધિકારીઓ કહે છે કે ઈ૨ બિલિયન એ'ઝઉઁછની વાર્ષિક નાણાં માટેની અપીલને ભંડોળ પૂરું પાડવા માટેનો પ્રથમ ખર્ચ છે, જે આ મહિનાની શરૂઆતમાં જાહેર કરવામાં આવ્યો હતો. ફ્લેચરે, અપસેટ્ડ સહાય લેન્ડસ્કેપને ધ્યાનમાં લેતા, આ વર્ષે વિનંતીમાં ઘટાડો કરી દીધો છે. બ્રિટન, ફ્રાન્સ, જર્મની અને જાપાન જેવા અન્ય પરંપરાગત યુએન દાતાઓએ સહાય ફાળવણીમાં ઘટાડો કર્યો છે અને આ વર્ષે સુધારાની માંગ કરી છે.

# ઉદ્ધવ ઠાકરે સેનાએ આપ્યો કોંગ્રેસ મુક્ત મુંબઈનો નારો

મુંબઈ,

આગામી ૧૫ જાન્યુઆરીએ મુંબઈ મહા નગર પાલિકા (BMC) સહિત મહારાષ્ટ્રની ૨૯ નગર પાલિકાઓની ચૂંટણી યોજાવાની છે, પરંતુ તે પહેલા જ વિપક્ષી એકતાના લીરેલીરા ઊડતા જોવા મળી રહ્યા છે. શિવસેના(ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) પક્ષે કોંગ્રેસ પર ગંભીર આક્ષેપો કરતા મુંબઈમાં કોંગ્રેસ મુક્ત મુંબઈનો નારો બુલંદ કર્યો છે. શિવસેના (UBT)ના પ્રવક્તા આનંદ દુબેએ આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીએ અમારી પીઠમાં છરો ભોંક્યો છે. પહેલા ભાજપે આ કામ કર્યું હતું અને હવે કોંગ્રેસ પણ એ જ કરી રહી છે. મુંબઈની જનતા આ બધું જોઈ રહી છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે કોંગ્રેસ માત્ર તુષ્ટિકરણની રાજનીતિ કરી રહી છે. જે વંચિત બહુજન અઘાડી(ફમ્છ) સામે કોંગ્રેસ આખી જિંદગી લડી, આજે તેની સાથે ગઠબંધન કરીને તેને ૬૦થી વધુ બેઠકો આપી મોટો ભાઈ બનાવવાનો પ્રયાસ કરી રહી છે. આનંદ દુબેએ વંચિત બહુજન અઘાડીના અસ્તિત્વ પર સવાલ ઉઠાવતા કહ્યું હતું કે, મુંબઈમાં જે પક્ષનો કોઈ ઈતિહાસ નથી તેની સાથે કોંગ્રેસે ગઠબંધન કેમ કર્યું તે સમજાતું નથી. તેમણે આક્ષેપ કર્યો હતો કે, આ બધું મુંબઈના હિત વિરુદ્ધ રચાયેલું એક મોટું ષડયંત્ર છે, જેમાં વંચિત અઘાડી અને કોંગ્રેસ બંને ભાજપની B ટીમ તરીકે કામ કરી રહ્યા હોય તેવું જણાય છે. વધુમાં તેમણે આત્મવિશ્વાસ સાથે જણાવ્યું હતું કે, આગામી ૧૬ તારીખે જ્યારે પરિણામો આવશે ત્યારે આ પક્ષોનો સંપૂર્ણ સફાયો થઈ જશે.

મહાવિકાસ અઘાડી(MVA) અંગે સ્પષ્ટતા કરતા તેમણે કહ્યું કે, તે ગઠબંધન રાજ્ય અને કેન્દ્ર સરકાર માટે હતું, પરંતુ આ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી છે.

# USAના દાતાએ ૩૫ લાખનું માતબર દાન આપી બહેરા મૂંગા શાળા અને ITIને સ્માર્ટ ક્લાસમાં રૂપાંતરિત કરી



**ટ્રેન્ડ ગુજરાત , તા.૩૦**

અહેવાલઃ વિનોદ ભાવસાર

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં લાયન્સ સોસાયટી સંચાલિત બહેરા મૂંગા શાળા અને આઈટીઆઈ મોડાસા શહેર સહિત આજુબાજુના જીલ્લા અને પડોશી રાજ્ય રાજસ્થાનમાંથી જરૂરિયાતમંદ પરિવારના દિવ્યાંગ બાળકોનાં અભ્યાસ માટે આશીર્વાદ રૂપ છે આઈટીઆઈમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી પગભર બની રહ્યા છે લાયન્સ સોસાયટી સંચાલિત બહેરા મૂંગા શાળા અને આઈટીઆઈના વાર્ષિક અહેવાલમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ આધુનિક અને ડિજિટલ બને તે માટે ટહેલ કરવામાં આવતા અમેરિકામાં વસવાટ કરતા ભરતભાઈ.પી. કોઠારી અને તેમના પરિવારે ૩૫ લાખ રૂપિયા માતબર દાન કરતા સંસ્થાએ સત્કાર સમારંભ યોજી ઋણ અદા કર્યું હતું એનઆરઆઈ પરિવારે દિવ્યાંગ બાળકોને મિષ્ઠાન સાથે ભોજન તેમના હાથે જમાડ્યું હતું મોડાસા લાયન્સ સોસાયટી સંચાલિત બહેરામૂંગા શાળા અને ITI માં અમેરિકા રહેતા ભરતભાઈ.પી.કોઠારી અને તેમના પરિવારે ૩૫ લાખ રૂપિયાનું દાન આપતા શાળા અને આઈટીઆઈના દરેક ક્લાસરૂમ સ્માર્ટ બોર્ડ , કોમ્પ્યુટર અને સમગ્ર પરિસર સીસીટીવી કેમેરાથી સજ્જ બન્યું હતું દિવ્યાંગ વિદ્યાર્થીઓ સ્માર્ટ બોર્ડ અને કોમ્પ્યુટરથી અભ્યાસ અને તાલીમ આપવાની શરુ કરતા ખુશીથી ઝૂમી ઉઠ્યા હતા ભરતભાઈ.પી.કોઠારી , તેમના પુત્ર કેન્ડલ અને જેક દીકરી રાયન માદરે વતન આવતા લાયન્સ સોસાયટી મોડાસા દ્વારા તેમનો સત્કાર સમારંભ અને સ્માર્ટ ક્લાસનું અનાવરણ કરવામાં આવ્યું હતું આ ગૌરવપૂર્ણ ઘડીમાં કુંજબાળા બેન શાહ,ગૌરાંગ.એસ.શાહ,પૂર્વ મંત્રી અને ધારાસભ્ય ભીખુસિંહ પરમાર,નગરપાલિકા પ્રમુખ નીરજ શેઠ,નાગરિક બેંક ચેરમેન પ્રજ્ઞેશ ગાંધી લાયન્સ સોસાયટી સંચાલિત બહેરા મૂંગાં શાળાના સ્માર્ટ રૂમના લોકાર્પણ અને દાતાના સત્કાર સમારંભમાં લા.કમલેશ પટેલે સ્વાગત પ્રવચન અને સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓ અને બહેરા મૂંગાં શાળા અને આઈટીઆઈની રૂપરેખા આપી હતી લા.ડોક્ટર જીતેન્દ્ર પટેલે દાતાઓનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો સંસ્થાના પ્રમુખ ડૉ.ટી.બી.પટેલે દાતા પરિવારની સરાહના કરી હતી આ કાર્યક્રમને સફળ બનાવવા ભાવેશ જયસ્વાલ,સુરેશ પટેલ,કનુ પટેલ,નવનીત પરીખ અને શૈક્ષણિક સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી આ કાર્યક્રમમાં મોડાસા લાયન્સ ક્લબના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા

### ભિલોડા ઉદય સેવા સંસ્થાન દ્વારા

# કિશનગઢ ચિંતામણી જૈન મંદિર પરિસરમાં મફત નેત્ર નિદાન શિબિર અને સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો





**ટ્રેન્ડ ગુજરાત , તા.૩૦**

અહેવાલઃ વિનોદ ભાવસાર

અંધજન મંડળ, સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ, નવલભાઈ અને હિરાબા આંખની હોસ્પિટલ, બારેજા સહિત બેલાબેન યોગેશભાઈ પટેલ - આંખની હોસ્પિટલ, વાત્રક, ઉદય સેવા સંસ્થાન, ભિલોડા દ્વારા આયોજીત સ્વ. શાંતાબેન ચુનીલાલ નાથજીદાસ શાહ બામણાની સ્મૃતિમાં અને સ્વ. સુરેશચંદ્ર ચુનીલાલ શાહની યાદમાં વરદ્ હસ્તે કેતનકુમાર સુરેશચંદ્ર શાહ પરિવાર, અમદાવાદના સૌજન્યથી પુનિતધામ ચિંતામણી જૈન મંદિર, કિશનગઢ ગામમાં ઉદય સેવા સંસ્થાન, ભિલોડાનો સ્નેહ મિલન સમારોહ અને મફત નેત્ર નિદાન યજ્ઞ યોજાયો હતો.વાત્રક હોસ્પિટલ સ્ટાફ દ્વારા કિશનગઢ, પાંચગામડાં, ઈન્દ્રપુરા સહિત આજુ-બાજુ ગામના ૧૨૦ થી વધુ દર્દીઓએ આંખોની તપાસ કરાવી હતી.૩૦ દર્દીઓની તપાસ દરમિયાન મોતિયો, વેલ જણાઈ આવેલ દર્દીઓને સંસ્થાન દ્વારા વાત્રક હોસ્પિટલમાં ઓપરેશન કરી આપવામાં આવશે, ૪૦ દર્દીઓને નંબર વાળા ચશ્મા ઉદય સેવા

સંસ્થાન દ્વારા વિનામુલ્યે આપવામાં આવ્યા હતા.કાર્યક્રમના મુખ્ય મહેમાન કેતનકુમાર શાહ, અતિથિ વિશેષ વિજયભાઈ શાહ, મનોજભાઈ પટેલ પ્રમુખ ભાજપ સંગઠન, ભિલોડા તાલુકા, અમરતભાઈ બરંડા પુર્વ પ્રમુખ, ભિલોડા તાલુકા પંચાયત, ગલબાભાઈ પ્રજાપતિ, હર્ષદભાઈ સોની પ્રમુખ શ્રી જય અંબે વિસામા સેવા ટ્રસ્ટ, ભિલોડા, હંસાબેન રાકેશભાઈ કોટવાલ સરપંચ, કિશનગઢ, ડો. ગુંજનકુમાર પંડ્યા, જલારામ હોસ્પિટલ, ભિલોડા, પ્રતાપભાઈ ગામેતી, નિવૃત્ત તાલુકા વિકાસ અધિકારી, દામુભાઈ પી. પટેલ મંત્રી શ્રી અર્બુદા સેવા સંઘ, ભિલોડા, સુરજ પટેલ ભિલોડા તાલુકા કાર્યવાહ (આર.એસ.એસ), જીતકુમાર ત્રિવેદી પ્રમુખ, જાયન્ટ્સ પિપલ્સ ફાઉન્ડેશન, ભિલોડા, કૌશિકભાઈ સોની, પત્રકાર, સામાજીક કાર્યકર સતિષકુમાર તબિયાર, રામઅવતાર શર્મા, જગદીશભાઈ પટેલ, દેવુભાઈ મેઘાણી સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ઉદય સેવા સંસ્થાન, ભિલોડા પ્રમુખ જીતેન્દ્રકુમાર સી.ભાટિયા, વલકેશભાઈ પટેલ, રોહિતભાઈ પટેલ, સુરેશભાઈ પ્રજાપતિ, રાજુભાઈ સોની, બિપીનભાઈ પ્રજાપતિ, કમલેશભાઈ પટેલ, હસમુખભાઈ પટેલ, મનોજભાઈ પટેલ, મુકેશભાઈ, ધ્રુવ, હર્ષ ભાટિયા, ધ્રુવ સોની, રાજુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા, સમગ્ર કાર્યક્રમનું સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.ભિલોડા ઉદય સેવા સંસ્થાન દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન શરદભાઈ બારોટ એ કર્યું હતું. શ્રી અર્બુદા સેવા સંઘ, સંચાલક દામુભાઈ પી. પટેલ એ અરવલ્લીની પ્રાચિન, અર્વાચીન ધરોહર સમાન પર્વતમાળા બચાવવા સંદર્ભે પ્રકૃતિ અને પર્યાવરણને બચાવો અભિયાન અંતર્ગત પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું.




“THIS NEWSPAPER/PERIODICAL IS PUBLISHED BY RIJVAN MANSURI FROM A 12 MULCHAND PARK, PETHAPUR, DISTRICT GANDHINAGAR, GUJARAT – 382610 ON BEHALF OF RIJVAN MANSURI, EDITED BY RIJVAN MANSURI AND PRINTED BY THAKAR ILEVAN HASMUKHRAI AT JAY GRAPHICS AND PRINTERS, C/15, VIKRAM CHAMBERS, INCOME TAX, ASHRAM ROAD, AHMEDABAD – 380009.”